એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (રૂમાં)	08.07.2024ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. અભિષેકરાજ નિખલચંદ મહેતા 2. શિલ્પા અભિષેકરાજ મહેતા	નિમ્નલિખિત સરનામાની મિલકતના સર્વ ભાગ અને હિસ્સાઃ ફ્લેટ નં. 502, 5મો માળ, ક્ષેત્ર 1410 ચો.ફીટ, એટલે કે, 130.99 ચો.મી., સુપર બિલ્ટ–અપ એરિયા અને 79.60 ચો.મી. બિલ્ટ–અપ એરિયા, સાથે "આર્ય રેસિડેન્સી"ની જમીનમાં અવિભાજિત હિસ્સો, મૂળ સર્વે નં. 36 પૈકી, સુધારણા સર્વે નં. 28 પૈકી હિસ્સા નં. 1 પૈકી ટી.પી. સ્કીમ નં. 1 (વેસુ), આખરી પ્લોટ નં. 54, ક્ષેત્ર 863.00 ચો.મી., પૈકી પ્લોટ નં. સી, ક્ષેત્ર 215.75 ચો.મી., પૈકી પ્લોટ નં. ડી, ક્ષેત્ર 215.75 ચો.મી., મૌજે વેસુ, સુરત શહેર, ગુજરાત–395007.	H0080021 06210108 46 અને H0080021 06210108 46L	08મી જુલાઈ, 2024	₹ 4,55,430/-	₹ 63,07,621.43.0 0/-	₹ 45,54,300.0 0/-	પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે.	21/01/2025 ના રોજ સવારે 10 થી બપોરે 12

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્ક્યામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજીં ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **20/01/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્ક્યામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બદ્યા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **21/01/2025**ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **22/01/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **"નામ – દિલીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496 , એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત – 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098."** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ–હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/રદ કરી શકે છે અથવા ઈ–હરાજી મોકૂફ રાખી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્ક્યામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

તારીખઃ 01.01.2025
સ્થળઃ સુરત

નહેરુ યુવા કેન્દ્ર-સુરત દ્વારા તા.૦૬ થી ૧૧મી જાન્યુ. સુધી કાશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાશે

જનાદેશ પ્રતિનિધિ, સુરત : કાશ્મીરી ખીણમાં યુવાનો આંતકવાદ જેવી વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક કાશ્મીરી યુવાનો એકતા અને દેશપ્રેમની ભાવના કેળવે, કટ્ટરપંથી પ્રવૃતિઓથી દૂર રહી પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર-સુરત દ્વારા તા.૦૬ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન શ્રી બદ્રી નારાયણ મંદિર અડાજણ ખાતે કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ યોજાશે. જેના ભાગરૂપે કાશ્મીરથી સુરત આવેલા ૧૫૦ યુવાનોને ?તિહાસિક તેમજ ઔધોગિક સ્થાનોની મુલાકત કરાવવામાં આવશે. નહેરુ યુવા કેન્દ્ર-સુરતના જીલ્લા અધિકારી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં કાશ્મીરી યુવાનો જગદીશ ચંદ્ર બોસ મ્યુનિસિપલ એક્વેરિયમ, ચોક બજાર સ્થિત ?તિહાસિક કિલ્લાની મુલાકાત લેશે. આ સાથે હજીરા અદાણી પોર્ટ, હરે ક્રિષ્ણા ડાયમંડ, લક્ષ્મીપતિ ટેક્સટાઈલ, યુરો ફૂડ પ્રાઈવેટ લીમીટેડ, યુનિવર્સિટીની મુલાકાત લેશે.

પત્નીના અનૈતિક સંબંધની શંકામાં પતિએ ૨ મોપેડને આગ ચાંપી દીધી

વલસાડ,તા.૩૧

પત્નીના અનૈતિક સંબંધની શંકામાં પતિએ ૨ મોપેડને આગ ચાંપી દીધી હતી. આરોપીની પત્ની તેની બહેનપણીના ઘરે અવાર નવાર જતી હતી. ત્યારે તેની પત્ની અને તેની બહેનપણીના પતિ વચ્ચે અનૈતિક સંબંધની શંકા રાખી અન્ય સાગરિત સાથે મળી ઝઘડો કર્યો હતો. ત્યાર બાદ ફરિયાદીના બંન્ને મોપેડને આગના હવાલે કર્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે આરોપી અને તેને સાથ આપનાર અન્ય એક શખ્સની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ટુકવાડા ગામમાં પત્ની સાથે આડાસંબંધના વહેમમાં એક પતિએ બે મોપેડને આગ લગાવી દીધી હતી.

આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચતા પોલીસે આરોપી પતિ અને તેના મિત્રની ધરપકડ કરી હતી. ટૂકવાડામાં રહેતા ગણેશભાઈ પટેલની પત્ની દીપ્તિ બેન અને મહેન્દ્ર પટેલની પત્ની સારિકા બંને મિત્ર હતી. આથી સારિકા અવારનવાર દિપ્તીને મળવા એમના ઘરે જતી હતી.

શહેરમાં મહિલા/છાત્રાઓની સુરક્ષા અંગેનું જાહેરનામું

માહિતી બ્યુરો, સુરતઃમંગળવારઃ સ્કૂલ/કોલેજે જતી છાત્રાઓ તેમજ કામકાજે જતી મહિલાઓની સુરક્ષાના હેતુસર કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા કેટલાક નિયંત્રણો મૂક્યા છે. જે અંતર્ગત સુરત શહેર કમિશનરેટ વિસ્તારમાં આવેલા સ્કૂલ/કોલેજ/કોચિંગ ક્લાસીસ/ટ્યુશન તેમજ મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેરમાર્ગ ઉપર કોઈપણ પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે/વગર ઊભા રહવા કે બેસવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રતિબંધ સ્કૂલ/કોલેજ/ટ્યુશન તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ, ઓળખપત્ર ધરાવતા ઓટો/વાન ડ્રાઈવરો,વાલીઓને લાગુ પડશે નહિ. આ હુકમ તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૦૧/૦૩/૨૦૨૫ સુધી અમલમાં રહેશે અને તેનો ભંગ કરનાર સજાને પાત્ર ગણાશે.

અડાજણથી ગુમ થયેલ મિલિંદભાઇની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૧/૧૨/૨૦૨૪ના રોજ અડાજણ વિસ્તારનાં રહે- ઘર નં.બી/૧૦૦૧ શુકન લાઈફ સ્ટાઈલ સ્તુતિ રેસિડન્સી પાસે પ્રથમ સર્કલ પાસે અડાજણ સુરત ખાતે રહેતા મિલિંદભાઈ કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેમની ઉમર ૩૨ વર્ષની છે.જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેણે શરીરે વાદળી કલરની ટી-શર્ટ તથા વાદળી કલરનો પેન્ટ પહેરેલ છે.જેઓ ગુજરાતી,હિન્દી અંગ્રેજી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

અમરોલીથી ગુમ થયેલ પ્રાચીબહેનની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે- મકાન નં૪૧,નિલમબાગ રો-હાઉસ વિશ્વનગરની બાજુમાં સાયન રોડ અમરોલી સુરત ખાતે રહેતા પ્રાચીબહેન કોઈ ને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે.જેમની ઉમર ૧૯ વર્ષની છે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉવર્ણના છે.જેની ઉંચાઈ ૫.૦ફૂટ છે.જેને શરીરે ગ્રે કલરની કુર્તી તથા કાળા કલરની લેગીસ પહરેલ છે. જે ગુજરાતી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

ચોકબજારથી ગુમ થયેલ સાર્થિકભાઇની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૦૮/૧૨/૨૦૨૪ના રોજ ચોકબજાર વિસ્તારનાં રહે- ઘર નં.એ/૩૦૩ હેત દર્શન એપાર્ટમેન્ટ નાયરા પેટ્રોલ પંપ ની બાજુમાં કોઝવે રોડ સુરત ખાતે રહેતા સાર્થિકભાઈ કોઈ ને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૨૫ વર્ષની છે. જે શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉવર્ણ છે.જેની ઉંચાઈ ૫.૫ફૂટ છે. જેમણે શરીરે કાળા કલરનું ટી-શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહરેલ છે.જે ગુજરાતી, હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

ઉત્રાણથી ગુમ થયેલ ક્રિષાબહેન ની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ ઉત્રાણ વિસ્તારનાં રહે-ઘર નં.૧૦૬ શ્યામ રેસિડેન્સી રંગોલી ચોકડી વેલંજા સુરત ખાતે રહેતા ક્રિષાબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેમની ઉમર ૨૦ વર્ષની છે. જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેણે શરીરે કથ્થઈ કલરનું ટી-શર્ટ તથા કાળા કલરનું જીન્સ પહેરેલ છે.જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યક્તિઓ/ટોળકીઓના પ્રવેશ પર પ્રતિબંધ

માહિતી બ્યુરો,સુરતઃમંગળવારઃ સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશ્નરેટના કાર્યક્ષેત્રમાં આવતી સરકારી કચેરીઓ અને પોલીસ સ્ટેશનમોમાં અનઅધિકૃત વ્યક્તિઓ/ટોળી કચેરીઓમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ ૦૧/૦૧/૨૦૨૫ થી ૦૧/૦૩/૨૦૨૫ કરાશે. અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

શું પેટ્રોલ ગમે ત્યાં મળે અત્યંન્ત જ્વલનશીલ

જનાદેશ પ્રતિનિધિ, જામનગર

પેટ્રોલ ના વિક્રેતા માટે અનેક સરકારી કાયદેસર ની કાર્યવાહી માંથી પસાર થવું પડે છે ત્યારે કચ્છ ના અનેક જગ્યા એ ખુલ્લેઆમ પેટ્રોલ જેવા જ્વલનશીલ પદાર્થ એકદમ કોઈ કાયદાની બીક વગર સહેલાઈ થી મળી રહે છે બઝાર કિંમત કરતા ઊંચી કિંમતે પેટ્રોલ નું ઘુમ વેચાણ થઈ રહ્યું છે ખરેખર આમ કોઈ પણ જાત ની મંજૂરી વગર પેટ્રોલ જેવા જ્વલનશીલ પદાર્થ વેચી શકાય કોઈ ગંભીર અકસ્માત થાય તો કોણ જવાબદાર તંત્ર ધ્વારા આવા કોઈપણ જાત ની મંજૂરી વગર પેટ્રોલ વેચનારાઓ ને કાયદા નું ભાન કરાવવું જોઈએ

સુરત મહાનગરપાલિકાના વહીવટમાં આડખીલી એવા ડે.કમિશનર ભોગાયતા અને આસી.કમિશનર અજય ભટ્ટ ને મહેકમ માંથી બદલો

સુરત મહાનગરપાલિકામાં વર્ષથી કામ થતા નહિ હોવાનો યુનિયન આગેવાનો નો મ.ન.પા કમિશનર સમક્ષ બળાપો

કોર્પોરેટરોના છોકરા છોકરી ને ખોટી રીતે નોકરી આપી છે.સામાન્ય સભાએ સત્તાની ઉપરવટ જઇને કામગીરી કરી છે.આવી નિમણૂંક આપવા માટે મને પૂછેલું નથી - ડે.કમિશનર ભોગાયતા.

જનાદેશ પ્રતિનિધિ, સુરત : સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ના પ્રમુખ તથા હોદેદારોએ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલીની અગ્રવાલને રૂબરૂ મુલાકાત લઈ કર્મચારીઓના પ્રશ્નો બાબતે રજૂઆત કરી હતી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી કે આ ખૂબ અગત્યના પ્રશ્ન છે અને તેનો તાકીદે નિરાકરણ લાવવું જરૂરી છે કમિશનર શ્રી એ આ બાબતે હકારાત્મક વલણ અપનાવ્યો હતો તેમજ ડેપ્યુટી કમિશનર શ્રી મહેકમ સાથે મીટીંગ કરી પ્રશ્નનો નિરાકરણ લાવવા માટે જણાવ્યું હતું કર્મચારી મહામંડળ તરફથી કરવામાં આવેલ રજૂઆતો નીચે મુજબ છે (૧)ડે.કમિશ્નર આર.બી.ભોગાયતા પાસેથી મધ્યસ્થ મહેકમ વિભાગનો હવાલો પરત લઈને સ્થાનિક મહેકમ ખાતાની કામગીરીના જાણકાર અધિકારીને આપો.(૨) મધ્યસ્થ મહેકમ વિભાગના આસી. કમિશ્નર અજય ભટ્ટની મહેકમ ખાતામાંથી બદલી કરો.(૩) સ્થાથી સમિતિના ઠરાવ નં.૪૬૦/૨૦૧૮ મુજબ જે સફાઇ કામદારો તથા બેલદારોએ ૨૦ વર્ષથી વધુની ફરજ બજાવેલ હોય અને તેઓ સ્વૈચ્છિકક રાજીનામું મુકે તો તેઓના એક આશ્રિતને નોકરી આપવી.આ ઠરાવ ફરી શરૂ કરવા માટે લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી છે. (૪) છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં ૩૯ જેટલા કર્મચારીઓનું ચાલુ ફરજ દરમ્યાન દુઃખદ અવસાન થયેલ છે. જે કર્મચારીઓના નિકળતાં નાણાં તેઓને આજદિન સુધી મળેલ નથી. તેમજ સુરત મહાનગરપાલિકાના ઠરાવ મુજબ તેઓના એક આશ્રિતને નોકરી આપવાની છે. પરંતુ આજદિન સુધી આ ઠરાવનો અમલ કરવામાં આવેલ નથી. જવાબદાર અધિકારીશ્રી ધ્વારા યુનિયનોને એવું જણાવવામાં આવેલ છે કે, સુરત મહાનગરપાલિકાના ઠરાવનો અમલ કરી શકાશે નહી. રાજય સરકારના ઠરાવ મુજબ માત્ર સફાઇ કામદારની ફરજ બજાવતાં હોય તેઓના આશ્રિતને જ નોકરી આપવામાં આવશે. અને તે આશ્રિત ગમે તેટલું ભણેલા હોય તો પણ તેઓને સફાઇ કામદાર તરીકે જ નોકરી આપવામાં આવશે.જેથી સુરત મહાનગરપાલિકાના ઠરાવનો અમલ કેમ કરવામાં આવતો નથી ? શું સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા અને સ્થાયી સમિતિમાં થયેલ ઠરાવોનો અમલ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ કરવાનો નથી ? જેથી આ ઠરાવનો તાત્કાલીક અમલ કરાવી તમામ કર્મચારીઓને ન્યાય આપવા માટે અમારી માંગણી છે.(૫) સુરત મહાનગરપાલિકાના અનેક ખાતા, ઝોન અને વિભાગોમાં ફરજ બજાવતાં કર્મચારીઓ વર્ષ દરમ્યાન રજાના દિવસોએ વધારાની ફરજ બજાવે છે. કારણકે કર્મચારીઓની સંખ્યા ઓછી છે. સમગ્ર વર્ષ દરમ્યાન ચોમાસું તેમજ સરકારના અનેક કાર્યક્રમો થવાને કારણે તેમજ ઇમરજન્સી જરૂર પડતી હોવાને કારણે કર્મચારીઓને રજાના દિવસે ફરજ પર બોલાવામાં આવે છે. આ કર્મચારીઓ વધારાની ફરજની રજાઓ જમા કરે છે. જે રજાઓ ડીસેમ્બર માસ સુધી પણ ભોગવી શકાતી નથી. કારણ કે અધિકારીઓ તરફથી રજા આપવામાં આવતી નથી. છેલ્લા પાંચ વર્ષથી આ પરિસ્થિતિ ઉભી થયેલ હોવાને કારણે અમારી રજુઆતો ને ધ્યાને લઇને દર વર્ષે તેના પછીના વર્ષમાં રજા ભોગવવાની મંજુરી આપવામાં આવે છે.પરંતુ આ વર્ષે સબંધિત અધિકારી ધ્વારા આ પ્રકારની રજા મંજુર કરવાનું ના પાડવામાં આવેલ છે. જેથી સને ૨૦૨૪ ના વર્ષ દરમ્યાન તમામ કર્મચારીઓએ જેટલા દિવસ વધારાની ફરજ બજાવેલ છે. તે જમા રજા આગામી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં ભોગવવાની મંજરી આપવા અથવા સરકારના નિયમ મુજબ એટલા કલાકોનું રોકડમાં વળતર ચુકવવા માટે અમારી માંગણી છે.(૬) સુરત મહાનગરપાલિકાના ઝોન અને ખાતાઓમાં આરોગ્ય, વહીવટી, ટેકનીકલ તથા અન્ય કેડરની જગ્યાઓ ખાલી છે. જે લાંબા સમયથી ભરવામાં આવતી નથી. તેમાં પણ ખાસ કરીને જે જગ્યાઓ બઢતીથી (પ્રમોશન) ભરવાની થાય છે, તેવી જગ્યાઓ પણ લાંબા સમયથી ભરવામાં આવેલ નથી. આ અંગે પણ તમામ યુનિયનો ધ્વારા અનેક વખત રજુઆતો કરવામાં આવેલ છે. છતાં આ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ નથી. જેથી આવી તમામ કેડરની જગ્યાઓ તાત્કાલીક ધોરણે બઢતીથી ભરવા માટે અમારી રજુઆત છે.(૭) ગુજરાત સરકાર ધ્વારા છેલ્લા ૨ વખત સુરત શહેરનું હદ વિસ્તરણ કરવામાં આવેલ છે. છતાં કર્મચારીઓનું નવું શિડયુઅલ બનાવવામાં આવેલ નથી. જેથી તમામ ઝોન ખાતાઓની માહિતી મેળવી નવું શિડયુઅલ તૈયાર કરવું તેમજ નવી ઉભી થાય તે અને હાલની સીધી ભરતીથી ભરવા જોગ ખાલી જગ્યાઓ તાકીદે ભરવા માટે અમારી રજુઆત છે.(૮) સુરત મહાનગરપાલિકાના ઠરાવ મુજબ હાલમાં આઠ જેટલી બિમારીઓ અંગેના સર્ટીફીકેટ સ્મીમેર હોલ્મિીટલના મેડીકલ બોર્ડ તરફથી મળે તો કર્મચારીને મેડીકલ અનફીટ જાહેર કરીને, તેના એક આશ્રિતને નોકરી આપવામાં આવે છે. જે ઠરાવમાં સુધારો કરી વધુ માંદગીઓ જેવી કે, ગાંડપણ, પેરાલીસીસ, ટી.બી., તેમજ શારીરીક રીતે અશક્ત થઇ ગયા હોય તેનો ઉમેરો કરવો તેમજ આવા કર્મચારીને દિન-૧૫મા મેડીકલ બોર્ડ તરફથી મેડીકલ અનફીટ સર્ટીફીકેટ આપવામાં આવે તેવો સુધારો થવા અમારી રજૂઆત છે.(૯) સ્મીમેર હોલ્મિટલ, મસ્કતી હોલ્મિટલ, હેલ્થ સેન્ટરો તથા નવી ૫૦ બેડની હોસ્પીટલોમાં વોર્ડબોય તથા આયાની ભરતી કરવામાં આવે છે. જેમાં લાયકાત ધોરણ-૧૦ પાસ છે. તેના બદલે રાજય સરકારના નિયમ મુજબ લાયકાતમાં સુધારો કરવા માટે અમારી રજુઆત છે.(૧૦) ઠરાવ મુજબ તાલીમાર્થીને કર્મચારીને પ્રથમ ત્રણ વર્ષ બાદ કાયમ કરવાના રહે છે. પરંતુ અનેક કર્મચારીઓને સાત-આઠ કે દશ વર્ષ પુરા થઇ જાય છે.

ત્યાં સુધી કોઇ પણ કારણ વગર કાયમી કરવામાં આવતા નથી. જેના કારણે અસંખ્ય કર્મચારીઓને આર્થિક નુકશાન થાય છે. તેમજ તેઓને મળતાં લાભો પણ આપવામાં આવતા નથી. વધુમાં, ત્રણ વર્ષના તાલીમ પિરિયડ દરમ્યાન જો કર્મચારીનું અવસાન થાય તો તેવા કર્મચારીને કોઇ લાભ મળતાં નથી કે તેઓના એક આશ્રિતને નોકરી પણ આપવામાં આવતી નથી. સને ૨૦૨૩ના ઠરાવમાં જે જોગવાઇમાં સુધારો કરવામાં આવેલ છે. કર્મચારીના હીત વિરોધી આ ઠરાવમાં સુધારો કરી મૂળ ઠરાવ મુજબ કર્મચારીને લાભો આપવા માટે ઠરાવમાં સુધારો કરવા અમારી માંગણી છે.(૧૧) સુરત મહાનગરપાલિકામાં વર્ગ-૪ માં ફરજ બજાવતાં કર્મચારીઓ સેનીટરી ઇન્સપેકટર ડીપ્લોમાં પાસ કરે તો તેઓને સેનીટરી સબ ઇન્સપેકટર તરીકે નિમણુંક આપવામાં આવે છે. જેમાં સુધારો કરી આ પૈકીના સફાઇ કામદારોને ૫૦ ટકા તથા ૫૦ ટકા અન્યોને સમાવવા અમારી રજુઆત છે.(૧૨) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં ૨૫ જેટલા કર્મચારીઓને જુદા જુદા કારણોસર છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે.

જેના કારણે આ કર્મચારીઓની સામાજીક સ્થિતિ ખુબ ખરાબ થઇ જાય છે. તેમજ તેઓના પરિવારનું ભરણ પોષણ કરવામાં પણ તેઓને ખુબ તકલીફ પડે છે. ઘણાં કર્મચારીઓએ લોનથી ઘર તેમજ અન્ય વસ્તુઓ લીધેલ હોય છે જે લોનના હપ્તા ભરવામાં પણ તેઓને ખુબ તકલીફ પડે છે. જેથી આવા કર્મચારીઓને તાકીદે ફરજ પર પુનઃસ્થાપિત કરવા માટે અમારી રજુઆત છે.(૧૩) સુરત મહાનગરપાલિકા તરફથી ખાનગી કોન્ટ્રાકટરોને કામગીરી આપી કામ કરાવવામાં આવે છે.

જે પૈકી કલાર્ક, કોમ્પુટરઓપરેટર જેવી જગ્યાએ સુરત મહાનગરપાલિકા તરફથી કોન્ટ્રાકટરને કર્મચારી દિઠ રૂા. ૧૯,૫૦૦/- ચુકવવામાં આવે છે. જયારે કોન્ટ્રાકટ કર્મચારીઓને માત્ર રૂા. ૯,૦૦૦/- જ ચુકવવામાં આવે છે.બાકીના રૂા. ૧૦,૫૦૦ જેટલી રકમ કોન્ટ્રાકટર ધ્વારા લઇ લેવામાં આવે છે. જેથી નિયમ મુજબ આવા કર્મચારીઓને પગાર ચુકવવામાં આવે તેવી રજુઆત છે.(૧૪) સુરત મહાનગરપાલિકા માન્ય તમામ યુનિયનો તરફથી તેઓની જે માંગણીઓ રજુ કરવામાં આવેલ છે. તેનું લાગત યુનિયનના હોદેદારો સાથે ચર્ચા વિચારણાં કરી તાકીદે નિરાકરણ લાવવા અમારી ભારપુર્વક રજુઆત છે.જો આ માંગણીઓનું તાકીદે નિરાકરણ ન આવશે તો દિન ૧૪ બાદ આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની ફરજ પડશે. કમિશનર શ્રીને આ રજૂ